કોમોડિટી વાયદાઓમાં ક્રૂડ તેલમાં વૃદ્ધિ જોવા મળી : પ્રથમ સત્રમાં રૂ.૧૮,૨૫૧ કરોડનું ટર્નઓવર નોંધાયું

સોનામાં ૭૯૦, ચાંદીમાં રૂ.૧,૧૮૧ની નરમાઈ

કોટનમાં ૨૦, ૩૭૫ ગાંસડીના વોલ્યુમ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૭૦,૭૦૦ :વાયદાના ભાવમાં સેંકડા ઘટ્યા

મુંબઈ, તા.૨૪

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૨,૧૩,૦૨૭ સોદામાં રૂ. ૧૮,૨૫૧.૮૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૨૨૫૯૪ સોદાઓમાં રૂ. ૧૦૦૩૬.૨૫ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૯૨૬૨ ખૂલી, ઊપરમાં રૂ. ૪૯૨૬૨ અને નીચામાં રૂ. ૪૮૯૧૭ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૭૯૦ ઘટીને રૂ. ૪૮૯૯૦ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની નવેમ્બર કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૨૯ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૯૧૮૩ અને ગોલ્ડ-પેટલ નવેમ્બર કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૪ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૯૧૦ થયા હતા, સોનું-મિની ડિસે. વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૫૪ ઘટીને બંધમાં રૂ. ૪૮૮૦૧ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદામાં ચાંદી ડિસે. કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૬૦૦૬૪ ખૂલી, ઊપરમાં રૂ. ૬૦૨૫૧ અને નીચામાં રૂ. ૫૯૨૦૧ના સ્તરને સ્પર્શી સત્રનાં અંતે રૂ. ૧૧૮૧ ઘટીને રૂ. ૫૯૩૪૪ બંધ રહ્યો હતો. ચાંદી-મિની નવે.રૂ. ૮૯૮ ઘટીને રૂ. ૫૯૪૨૪ અને ચાંદી-માઈક્રો નવે. રૂ. ૮૧૨ ઘટીને રૂ. ૫૯૪૪૩ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૬૦૨૫૫ સોદાઓમાં રૂ. ૨૮૭૯.૩૨ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૩૨૨૭ ખૂલી, ઊપરમાં રૂ. ૩૨૪૪ અને નીચામાં રૂ. ૩૨૦૯ બોલાઈ રૂ. ૩૯ વધીને રૂ. ૩૨૩૪ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૪૦૧૮ સોદાઓમાં કુલ રૂ. ૪૭૨.૮૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન નવેમ્બર વાયદો ગાંસડીદીઠ રૂ. ૧૯૯૬૦ ખૂલી, ઊપરમાં રૂ. ૨૦૦૩૦ અને નીચામાં રૂ. ૧૯૭૫૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૨૦ ઘટીને રૂ. ૧૯૮૪૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૯૧૮.૯ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૯.૨ ઘટીને બંધમાં રૂ. ૮૯૮.૮ ના ભાવ હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૧૧૯૯ ખૂલી, ઊપરમાં રૂ. ૧૧૯૯ અને નીચામાં રૂ. ૧૧૭૯ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૯ ઘટીને રૂ. ૧૧૯૦.૫ ના સ્તરે બંધ રહ્યો હતો. વાયદાઓમાં કામકાજની દ્રષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૩૪૧૧૫ સોદામાં કુલ રૂ. ૫૯૯૦.૮૧ કરોડની કીમતનાં ૧૨૧૭૩.૮૮૭ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૮૮૪૭૯ સોદામાં કુલ રૂ. ૪૦૭૫.૪૫ કરોડની કીમતનાં ૬૭૩.૨૮૧ ટન, ક્રૂડ તેલમાં ૨૧૮૯૯ સોદાઓમાં રૂ. ૧૧૮૦.૧૩ કરોડનાં ૩૬૫૭૧૦૦ બેરલ્સ, કોટનમાં ૪૯૧ સોદામાં રૂ. ૪૧.૦૨ કરોડનાં ૨૦૩૭૫ ગાંસડી, સીપીઓમાં ૩૫૪૩ સોદામાં રૂ. ૪૨૯.૭૭ કરોડનાં ૪૭૩૯૦ ટન, મેન્થા તેલમાં ૧૬ સોદાઓમાં રૂ. ૧.૬૩ કરોડનાં ૧૭.૨૮ ટન, કપાસમાં ૧૮ સોદાઓમાં રૂ. ૪૨.૯૫ લાખનાં ૭૨ ટનના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૧૭૩૨૪.૮૭૧ કિલો, ચાંદીના વાયદાઓમાં ૫૯૦.૪૨૨ ટન, ક્રૂડ તેલમાં ૩૮૦૬ બેરલ્સ, કોટનમાં ૭૦૭૦૦ ગાંસડી, સીપીઓમાં ૮૯૩૩૦ ટન, મેન્થા તેલમાં ૧૪૦.૪ ટન અને કપાસમાં ૫૩૨ ટનના સ્તરે રહ્યો હતો. સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો નવે.કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૦ ખૂલી, ઊપરમાં રૂ. ૯૯ અને નીચામાં રૂ. ૩૦ રહી સત્રનાં અંતે રૂ. ૩૮ બંધ રહ્યો હતો.

મોટાપાયે ખરીદી અને વૈશ્વિક બજારોમાં તેજીના સંકેતને પગલે

સેન્સેક્સ રેકોર્ડ ઉંચાઈએ : પ્રથમવાર નિફ્ટી ૧૩૦૦૦ની ઉપર બંધ થયો



મુંબઈ,તા.૨૪

વિદેશી સંસ્થાગત રોકાણકારો તરફથી મોટાપાયે ખરીદી અને વૈશ્વિક બજારોમાંથી મળેલા તેજીના સંકેતને પગલે ભારતીય શેરબજારે આજે નવી વિક્રમજનક સપાટી નોંધાવી હતી. બીએસઈ સેન્સેક્સ ૪૪૫.૮૭ પોઈન્ટ વધી ૪૪,૫૦૦ની સપાટી અને નિફ્ટીએ ૧૨૮ પોઈન્ટના ઉછાળા સાથે ૧૩,૦૦૦ની સપાટી કૂદાવી દીધી હતી. ઈન્ટ્રા-ડેમાં સેન્સેક્સ ૪૪,૬૦૧.૬૩ અને નિફ્ટી ૧૩,૦૭૯.૧૦ની સપાટી નોંધાવી હતી.

ખાસ કરીને મેટલ, ઓટો અને બેંકિંગ સેક્ટરે આજે તેજીની આગેવાની કરી હતી. બેંક ઈન્ડેક્સ ૭૧૩ પોઈન્ટ અથવા ૨.૪૯ ટકા, મેટલ અને ઓટો ઈન્ડેક્સ અનુક્રમે ૨-૨ ટકા વધ્યા હતા. આ સાથે બીએસઈ ખાતે લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલાઈઝેશન પણ પ્રથમ વખત ૧૭૪.૮૪ લાખ કરોડને પાર થઈ ગયુ હતું. સેન્સેક્સ પેકની ૩૦ પૈકી ૨૨ કંપનીના શેરોમાં તેજી જ્યારે ૮ કંપનીના શેરોમાં મંદી જોવા મળી હતી. સૌથી વધારે સુધારો નોંધાવનાર શેરોમાં એક્સિસ બેંક, એમએન્ડએમ, એચડીએફસી બેંક, આઈટીસી, એસબીઆઈ, આઈસીઆઈસીઆઈ બેંક, મારુતિ, કોટક બેંક, સનફાર્માનો સમાવેશ થતો હતો. જ્યારે સૌથી વધારે ઘટાડો નોંધાવનાર શેરોમાં એચડીએફસી, ટાઈટન, નેસ્લે ઈન્ડિયા, ભારતી એરટેલ, ઓએનજીસી, ઈન્ફોસિસનો સમાવેશ થતો હતો. બીએસઈ ખાતે કુલ ૩૦૦૦ કંપનીના શેરમાં કામકાજ થયુ હતું, જે પૈકી ૧,૬૩૭ સ્ક્રીપમાં તેજી અને ૧,૧૭૨ સ્ક્રીપમાં મંદી જોવા મળી હતી. જોકે ૧૯૧ સ્ક્રીપના ભાવમાં કોઈ ફેરફાર થયો ન હતો. કોરોનાને પગલે માર્ચ મહિનામાં ભારતીય શેરબજારોમાં ભારે મંદી આવી હતી. ૨૩ માર્ચના રોજ સેન્સેક્સ ગગડીને ૨૫,૯૮૧.૨૪ પર બંધ રહ્યો હતો ત્યારે તે દિવસે ૭,૬૧૦.૨૫ પર બંધ રહ્યો હતો. આ ન્યૂનતમ સ્તરની તુલનામાં અત્યાર સુધીમાં આશરે ૭૧ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે.

કારચાલક પુત્ર સાથે ફરાદીથી કોડાય જઇ રહ્યા હતા

તલવાણા અને બૌતેર જિનાલય રોડ પર કાર સળગી ઊઠી : જાનહાનિ થતા ટળી

માંડવી,તા.૨૪

માંડવી- મુન્દ્રા હાઈવે પર તલવાણા અને બૌતેર જિનાલય વચ્ચે આશાપુરા હોટેલ નજીક ગેસથીચાલતી મારૂતી કારમાં કોઈ યાંત્રિક ખામી સર્જાતા ભડભડ સળગી ઉઠી હતી. જો કે, સદભાગ્યે કોઈ જાનહાની થઈ ન હતી. ફરાદી ગામના ખેતશીભાઈ પુવાર (વણકર) મારૂતિ ૮૦૦ ગાડી લઈ ફરાદીથી કોડાય રોડ જઈ રહ્યા હતા.

દરમિયાનમાં તલવાણા અને બૌતેર જિનાલય વચ્ચે આશાપુરા હોટેલ નજીક માંડવી- મુન્દ્રા મેઈન હાઈવે પર ગેસ લીક થતા પ્રથમ કારમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળ્યા હતા. જેથી કારચાલક ખેતશીભાઈ અને એમનો પુત્ર સમયસૂચકતા વાપરી ઝડપથી કારને સાઈડમાં લઈ બહાર નીકળી આવ્યા હતા. બાદ કાર સળગી ઉઠીને ખાખ થઈ ગઈ હતી. જેથી કોઈ જાનહાની થઈ નથી.આ ઘટનાના પગલે અન્ય વાહનચાલકોની સલામતી ખાતર ૧૦થી ૧૫ મિનિટ સુધી રસ્તો બંધ કરી દેવામાં આવ્યો હતો.

કચ્છ નજીક અરબ સાગરમાં આંતરરાષ્ટ્રીય મરીન બાઉન્ડરી લાઇન પાસે

પાકિસ્તાની મરીન સિક્યોરિટીની સમુદ્રી કવાયત : ભારતીય સુરક્ષા એજન્સી સતર્ક

ભુજ,તા.૨૪

કચ્છના દરિયા પાસે તેની ગતિવિધિ હંમેશાં શંકાસ્પદ રહી છે. એવામાં સોમવારે પાકિસ્તાનની આ કુખ્યાત એજન્સીએ આંતરરાષ્ટ્રીય દરિયાઈ સરહદ પાસે પોતાના વિસ્તારમાં સમુદ્રી કવાયત યોજી હતી, જેમાં જંગી જહાજ અને હેલિકોપ્ટર જોવા મળ્યાં હતાં. ભારતીય એજન્સીઓએ આ સમગ્ર કવાયત પર વોચ રાખી હતી.આ અંગે મળતી વિગતો મુજબ, કચ્છનાં રણ, ક્રીક અને દરિયાઈ સરહદ પાસે પાકિસ્તાન સતત સુવિધાઓમાં વધારો કરી રહ્યું છે. ખાસ કરીને લશ્કરી સરંજામનાં સાધનો અને માળખાગત સુવિધાઓ વધારવામાં આવી રહી છે. જોકે ભારતની તૈયારીઓ અને લશ્કરી સાધનો સામે પાકિસ્તાનનાં સાધનો મામૂલી છે. તેમ છતાં પાકિસ્તાન જેવા દેશની તમામ ગતિવિધિ પર નજર રાખવી જરૂરી હોય છે. હાલ પાકિસ્તાન અરબ સાગરમાં પોતાની તાકાતમાં સતત વધારો કરી રહ્યું છે.ભારતીય માછીમારોનું અપહરણ કરવા માટે કુખ્યાત એજન્સી પાકિસ્તાન મરીને તાજેતરમાં આઈએમબીએલ પાસે સમુદ્રી કવાયત હાથ ધરી હતી. જાણે યુદ્ધ અભ્યાસ હોય તેવી કવાયત હાથ ધરાઈ હતી. આ કવાયતમાં પાકિસ્તાન મરીન સિક્યોરિટી એજન્સીનાં ત્રણ જહાજની સાથે હેલિકોપ્ટર જોડાયું હતું. અરબ સાગરમાં પોતાની હદમાં કરાયેલી આ કવાયત એક દિવસ ચાલી હતી. દરિયામાં દુશ્મનની બોટ સુધી કેવી રીતે પહોંચવું અને તેને કેવી રીતે પકડવા તથા બોટને દરિયામાં જ જળસમાધિ આપી દેવી એવી તૈયારીઓ હાથ ધરાઈ હતી. પાકિસ્તાનની મરીન એજન્સી અને નેવી ભારતની સરખામણીએ ચણા-મમરા સમાન છે, તેથી વારંવાર અરબ સાગરમાં પોતાને ખોટી રીતે તાકાતવાન બનાવવા પાકિસ્તાની એજન્સીઓ આવી રીતે કવાયત હાથ ધરીને બડાઈ મારતી હોય છે. જોકે ભારતીય એજન્સીઓની પાકની આ તમામ ગતિવિધિઓ પર નજર હોય છે. ભારતની તૈયારીઓ તેની સામે વધારે મજબૂત છે.કચ્છની બોર્ડરથી ઉત્તરે ૫૦ કિમી દૂર પાકિસ્તાનમાં ઇસ્લામકોટ શહેર છે. ચીન-પાકિસ્તાન ઇકોનોમિક કોરિડોરનાં કામો અહીં સુધી પહોંચી આવ્યાં છે. આ પ્રોજેક્ટના ભાગરૂપે અહીં ચાર એન્ર્જી કોલ પ્રોજેક્ટો ચાલુ છે.

રાજકોટમાં જ્યાં દિવાળીની ખરીદીમાં ભીડવાળા વિસ્તારોમાં કેસોમાં વધારો

રાજકોટ,તા.૨૪

રાજકોટમાં દિવાળી બાદ કોરોનાના કેસોમાં વધારો નોંધાયો છે. રાજકોટ કોરોના ફેલાવવા માટે લોકો જ જવાબદાર હોય તેવી વિગતો સામે આવી છે. દિવાળી સમયે રાજકોટમાં જ્યાં ખરીદી થઈ તે જ વિસ્તારોમાં કોરોનના સૌથી વધુ કેસો નોંધાયા છે. રાજકોટના અન્ય વોર્ડ કરતા જ્યાં બજારો આવેલી છે અને સૌથી વધુ દિવાળીની ખરીદી થઈ હતી તેવા વોર્ડ નંબર ૭ અને વોર્ડ નંબર ૧૪માં સૌથી વધુ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. આ અઠવાડિયામાં નોંધાયા સૌથી વધુ કેસ બજાર વિસ્તારોમાં નોંધાયા છે. આ વોર્ડમાં ગુંદાવાડી, કેવડાવાડી, પેલેસ રોડ અને ધર્મેન્દ્ર રોડ સહિતની બજારો આવેલી છે. દિવાળી સમયે આ બજારોમાં ખરીદીને લઈને ભારે ભીડ જોવા મળતી હતી.હાલમાં આ બજાર વિસ્તાર આસપાસમાં રોજના ૭૦ જેટલા કેસો નોંધાય છે. દિવાળી સમયે આ વિસ્તારોમાં સૌથી વધુ ખરીદીનો માહોલ જોવા મળતો હતો. લોકોએ ખરીદી સમયે ગંભીરતા ન દાખવતા સ્થાનિકો અને દુકાનદારો સંક્રમિત થયા હતા. બજાર વિસ્તારોમાં કોરોનાના વધુ કેસો નોંધાતા હવે મનપાએ બજાર વિસ્તારોમાં પણ કોરોના ટેસ્ટીંગ શરૂ કરી દીધા છે. બીજી તરફ મનપાની ટિમ માસ્ક પહેર્યા વગરના લોકો અને વેપારીઓને નિયમોનું ચુસ્તપણે પાલન કરાવી રહ્યા છે. કોરોના સંક્રમણ વધતા મનપા એક્શન મોડમાં આવી છે, બપોર સુધીમાં ૪૧ લોકોને માસ્ક પહેર્યા વિનાનાં ઝડપી પાડ્યા છે.જેમની પાસેથી રૂ.૪૧,૦૦૦નો દંડ વસૂલ કરાયો છે. તમામને ભીડભાડવાળી જગ્યામાં માસ્ક વિના ઝડપી પાડયા છે.

જૂનાગઢમાં BJP નેતાની હોટેલમાં ધમધમતા જુગારના અડ્ડા પર દરોડો

બે મહિલા સહિત ૨૦ જુગારીયાઓ અને રૂ. ૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત

ભાજપના પૂર્વ પ્રમુખ અને હોટલ માલિક કરશન ધડુકની ધરપકડ

જૂનાગઢ,તા.૨૪

જૂનાગઢના ભાજપ નેતાની હોટેલમાં ધમધમતા જુગારધામનો પર્દાફાશ થયો છે. બે મહિલા સહિત ૨૦ જુગારી અને આશરે ૫૦ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. કરશન ધડુક પણ દરોડામાં પકડાયા છે.આ હાઈપ્રોફાઈલ જુગારધામની અંગે પોલીસે મળેલી બાતમીને આધારે સક્કરબાગ સ્થિત એસેલપાર્ક હોટેલ પાર્ટી પ્લોટ પર દરોડો પાડ્યો હતો. આ પાર્ટી પ્લોટના માલિકોમાં ભાજપ નેતા કરશન ધડુકનો પણ સમાવેશ થતો હોવાનું જણાયું છે.હોટલ એસેલ પાર્કના માલિકો બહારગામના માણસોને બોલાવી જુગારનો અડ્ડો ચલાવે છે.પોલીસે દરોડો પાડતા ૧૮ પુરુષ, ૨ મહિલા જુગાર રમતા ઝડપાઇ ગયાં હતાં. ઘટનાસ્થળેથી પોલીસે ૧૪ લાખ રોકડ રકમ, ૮૬ હજારના ૧૮ મોબાઈલ અને ૩૫ લાખની કિંમતના ૪ ફોર વ્હીલર્સ જપ્ત કરી લીધા.આ દરોડાને પગલે શહેરમાં રાજકારણ ગરમાયું છે. કરશન ધડુક જૂનાગઢ ભાજપના પૂર્વ પ્રમુખ રહી ચુકયા છે.ઝડપાયેલા જુગારી જૂનાગઢ ઉપરાંત આસપાસના દેવભૂમિ દ્વારકા, રાજકોટ, જામનગર સહિતના જુદા જુદા જિલ્લાઓમાંથી જુગાર રમવા આવ્યા હતા. પોલીસે કુલ રૂ. ૧૪,૨૦,૩૩૫ની રોકડ સહિત રૂ. ૪૯,૮૧,૩૩૫ કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો છે.જુગારીઓમાં માત્ર યુવા ૨૦-૨૨ વર્ષના છે. જ્યારે મહિલાઓ સહિત તમામની વય ૨૮-૩૧ વર્ષની ઉંમરની છે.

અસામાજિક તત્વો બેફામ : ભાવનગરની બજારમાં ધોળા દિવસે યુવાન પર હુમલો

ભાવનગર,તા.૨૪

ભાવનગરની મુખ્ય બજારની પીરછલ્લા શેરીમાં ધોળા દિવસે યુવાન પર હુમલો કરવામાં આવ્યો છે. જો કે આરોપી ત્યાં જ પકડાઈ ગયો હતો. શહેરની મુખ્ય વોરા બજારની પીરછલ્લા શેરીમાં રહેતા મેહુલ કડીવાલા ઉપર એક શખ્સ દ્વારા ધોળા દિવસે છરીના ઘા ઝીકતા બજારમાં ચકચાર મચી ગઈ હતી. આ બનાવને લઈને આસપાસના લોકોએ હુમલો કરનારા હેપ્પી વોરા નામના શખ્સને ઝડપી લીધો હતો.

બંને યુવાનો વચ્ચે દિવાળીના પર્વ પર થયેલી માથાકૂટને પગલે હુમલો થયો હોવાનું સામે આવ્યું છે.શહેરની વોરા બજારમાં આવેલી પીરછલ્લા શેરીને જાગતી બજાર કહેવામાં આવે છે.બપોરના પત્ની અને બાળક સાથે નીકળેલા મેહુલ નામના યુવાન પર છરી વડે હુમલો થયો હતો, મેહુલ પર હેપ્પી વોરા નામના શખ્સે હુમલો કર્યો હતો. આ હુમલો કરનારા આરોપીને ઝડપી લેવાયો હતો. ઈજાગ્રસ્ત મેહુલને છરીના ઘા વધારે લાગ્યા હોવાથી હાલત ગંભીર હતી. જેને સર ટી હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. જ્યાં સમયસર હોસ્પિટલ લઈ જતા સારવાર મળતા બચાવ થયો છે. મેહુલ અને હેપ્પી બંને પીરછલ્લા વિસ્તારમાં ચિનુ આંગડીયાની પેઢીની બાજુમાં રહે છે, આ બંને યુવકો વચ્ચે દિવાળી સમયે નાની એવી બાબતમાં માથાકૂટ થઈ હતી. જેની દાઝ રાખીને હેપ્પીએ મેહુલ પર છરી વડે જીવલેણ હુમલો કર્યો હતો. મેહુલની પત્ની પીરછલ્લામાં દુકાનમાં વસ્તુ લેવા ગઈ ત્યારે બહાર એકલા ઉભેલા મેહુલ પર હુમલો કરાયા હતો. બનાવને લઈને પોલીસે કાર્યવાહી કરી છે.

તત્કાલીન તલાટી, મુખ્ય આરોપી અને બે સાક્ષી સામે ફરિયાદ

જામનગરમાં દીકરાએ વારસાઈ મેળવવા માટે જીવિત માતાને મૃત જાહેર કરી દીધી

જામનગર,તા.૨૪

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના નાની નાગાજર ગામે રહેતા પુત્રએ પોતાની જીવતી માતાને મૃત જાહેર કરી પિતાની વારસાઈ જમીન પોતાના નામે કરી લેવા કારસો રચ્યાનું સામે સામે આવતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે. જામનગરના કાલાવડ પંથકમાં આવેલા નાની નાગાજર ગામે ... ગમારાની વારસાઈ જમીન પોતાના નામે કરવામાં માટે તેના પુત્ર રામજી ગમારાએ વર્ષ ૨૦૧૮માં સ્થાનિક ગ્રામ પંચાયતમાંથી ખોટો વારસાઈ આંબો તૈયાર કરાવી લીધો હતો. ખોટા દસ્તાવેજ તૈયાર કરી પોતાનું એકલાનું નામ વારસદાર તરીકે રાખવા માટે વારસાઈ નોંધ પણ કરાવી હતી. ... વિરમભાઈ ગમારાનું અવસાન થયું છે. એવું ખોટું પ્રમાણપત્ર કઢાવી લઈ, જીવતી માતાનો મૃત્યુના પ્રમાણપત્રનો ઉપયોગ કરી વારસાઈ નોંધ કરાવવા આગળ કાર્યવાહી કરી હતી. આ કાર્યવાહીમાં આરોપીએ પોતાના ભાઈ કરમસી ગમારા, જવીબેન અને જયાબેનનામની બન્ને બહેનોની પણ ઓળખ પણ છુપાવી ...

વેચવાની છે
ઈન્ડસઈન્ડ બેંક દ્વારા
નીચે જણાવેલ જપ્ત
લીધેલી ફ્રી-વ્હીલર વાહન
વેચવાનું છે.
GJ16 - AT - 4500
GJ06 - BU - 0672
GJ06 - AY - 5809
GJ06 - AY - 3130
સંપર્ક: અમિત પટેલ
૭૨૨૭૯ ૭૫૧૨૮